# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

50 ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS


India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXV | MAY 2023 | NO: 03

**પવિત્ર બાઈબલ**

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

ગીતશાસ્ત્ર ૩૨:૧-૮

૧. જેનું ઉલ્લંઘન માફ થયું છે તથા જેનું પાપ ઢંકાઈ ગયું છે તેને ધન્ય છે.

૨. જેને યહોવા અન્યાયી ગણતો નથી, અને જેના આત્મામાં કંઈ કપટ નથી, તે માણસને ધન્ય છે.

૩. હું છાનો રહ્યો ત્યારે આખો દિવસ કણવાથી મારાં હાડકાં જીર્ણ થયા.

૪. કેમ કે રાતદહાડો મારા ઉપર તારો હાથ ભારે હતો; મારો રસ જાણે કે ઉનાળાની ગરમીથી સુકાઈ ગયો.

૫. મેં મારા પાપ તારી આગળ કબૂલ કર્યા છે, અને મારો અન્યાય મેં સંતાડ્યો નથી; મેં કહ્યું કે, યહોવાની આગળ હું મારાં ઉલ્લંઘન કબૂલ કરીશ; અને તેં મારાં પાપ માફ કર્યા.

૬. તે માટે તું મળે એવે સમયે દરેક ભક્ત તારી પ્રાર્થના કરે; નિશ્ચે ઘણાં પાણીની રેલ ચઢે ત્યારે તે તેને પહોંચશે નહિ.

૭. તું મારી સંતાવાની જગા છે; તું મને સંકટમાંથી ઉગારશે; ઉદ્ધારના સ્તોત્રો તું મારી આસપાસ ગવડાવશે.

૮. કયે માર્ગે તારે ચાલવું તે હું તને શીખવીશ તથા બતાવીશ; મારી નજર તારા પર રાખીને હું તને બોધ આપીશ.

# પોહ ફાટતે, સૂર્યોદયે

**AT THE BREAK OF DAWN!**


બહેન એન્જેલાઈન સેલ્વાકુમારી




આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તના નામમાં સલામ. ઈકો ઓફ હીજ કોલ સામયિક મારફત આપ સર્વને મળવું તે ખરેખર ઘણો મોટો આનંદ છે. તેમનું વિશ્વાસુપણું મહાન છે, જેઓ આપણને આટલે સુધી દોરી લઈ આવ્યા છે અને આગળ પણ દોરવાનું ચાલુ રાખશે!

**"દેવ તેમાં છે; તેને હલાવી શકાશે નહિ; પોહ ફાટતે દેવ તેને મદદ કરશે."** - ગીતશાસ્ત્ર ૪૬:૫

આ એક સુંદર ખાતરી છે. જો કે, જે સંજોગોમાં આ વચન આપણને આપવામાં આવ્યું છે, તે નોંધપાત્ર છે. આવો આપણે ગીતશાસ્ત્ર ૪૬:૨ તરફ જોઈએ. તે કહે છે,

૧. જો પૃથ્વી ઉથલપાથલ થાય,

૨. જો પર્વતો સમુદ્રમાં ડૂબી જાય,

૩. જો તેનું પાણી ગર્જના કરે તથા વલોવાય,

૪. જો પર્વતો કાંપી ઊઠે,


(અનુસંધાન પાન ૩ પર)



**ઈકો ઓફ હીજ કોલ**



**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**

**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**

**પ્રાર્થના કરવાની એક તક!**

**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**

**અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ**

દરરોજ - સવારે ૫.૦૦ વાગે

**તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે**

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*

REACHING NATIONS





> "...જે યહોવા પર ભરોસો રાખે છે,
> તે તેની કૃપાથી ઘેરાશે." ગીતશાસ્ત્ર ૩૨:૧૦

વહાલા ભાઈઓ તથા બહેનો,

આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તના મધૂર નામમાં તમ સર્વને શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

અમારી મિનિસ્ટ્રીના સર્વ ક્ષેત્રોમાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત અમારી સાથે ભલા છે. સર્વ શૈક્ષણિક સંસ્થાઓ મેં મહિનામાં ઉનાળાની રજાઓમાં બંધ રહેશે. તેથી આવો આપણે આ દિવસોમાં સ્થાનિક મંડળીઓમાં જોડાઈને કોઈક સુવાર્તિક કાર્યો કરીએ અને ઈશ્વરના રાજ્યને વિસ્તારીએ.

જ્યારે આપણે વિશ્વને જોઈએ છીએ ત્યારે આપણે જોઈ શકીએ છીએ કે જુવાન છોકરાઓ અને છોકરીઓ મંડળીની ભજનસેવાઓમાં ગેરહાજર રહીને ઈશ્વરથી દૂર જઈ રહ્યા છે. આ વિશ્વભરમાં થતું રહ્યું છે. માતાપિતાઓ અને મંડળીના વહીવટકર્તાઓ આમાં કંઈ વધુ કરી શકતા નથી.

તેથી, આ તકનો ઉપયોગ કરીને, દુન્યવી લોકો, રાજકારણીઓ અને ઈશ્વરના કહેવાતા સેવકો, જેઓ ખોટા સિધ્ધાંતોનો ઉપદેશ આપે છે, તેઓ સર્વ આ જુવાનોને પકડે છે અને તેમને આ વિશ્વના ખોટા માર્ગોમાં ચાલવા તૈયાર કરે છે. મંડળીઓની ભજનસેવાઓમાં જુવાન છોકરા છોકરીઓની હાજરીની સંખ્યા ઘટતી જાય છે. આ ઘણું દુઃખદાયક છે. જો કે કુટુંબના વડીલ સભ્યો તેમને ઈશ્વરના દૈવી છત્રછાયામાં રાખવાનો પ્રયત્ન કરે છે, તેઓ તેમની રીતે બાબતો કરવા માગે છે, જ્યારે તેઓ ઈશ્વરના માર્ગોને અવગણવાની ઈચ્છા રાખે છે.

તેથી આ યોગ્ય સમય છે કે ખ્રિસ્તી માતાપિતાઓ અને આગેવાનો વધુ પ્રાર્થના કરે અને પ્રભુને આગ્રહ કરે કે વિશ્વભરના બાળકો અને જુવાનો મધ્યે આત્મિક જાગૃતિ મોકલે. અમે ઈશ્વરના લોકોની એક નાની ટીમ બનાવી છે. જેઓને આ જ બોજ છે અને તેમને માટે પ્રાર્થનાની શરૂઆત કરી છે. તમે એવા બાળકોના અને જુવાન છોકરા, છોકરીઓના નામો અમને મોકલીને સહાયરૂપ થઈ શકો છો, તેથી અમે તમને કૃપાના સિંહાસન આગળ ધરી રાખી શકીએ. **તમારે આ માટે કોઈ નાણા મોકલવાની જરૂર નથી.** તેને બદલે, તમે અમારી સાથે એકરૂપ થઈને પ્રાર્થના કરી શકો છો અને આ જુવાનો અને બાળકોની કાળજી માટેના વૈશ્વિક દર્શન માટે પ્રાર્થના કરી શકો છો. અમે આ બાબતમાં તમારા મંતવ્યો માંગીએ છીએ.

આની શરૂઆત કરતા, અમે સર્વ દેશના બાળકો અને જુવાનો માટે પ્રાર્થના કરવા દરરોજ રાત્રે ૧૦.૦૦ વાગેનો પ્રાર્થના સમય ઠરાવ્યો છે. તમે તમારા દેશના સમય મુજબ રાત્રે ૧૦.૦૦ વાગે પ્રાર્થના કરી શકો છો.

અમે જાણીએ છીએ કે જ્યારે લોકો કોઈ ખાસ બાબત માટે એક દિલના થઈને ભેગા થાય છે, ત્યારે આકાશમાંના પિતા જવાબ આપશે. જ્યારે તમે આવા બાળકો અને જુવાનો તરફથી કોઈ સારી સાક્ષીઓ પ્રાપ્ત કરો, તો કૃપા કરીને તે અમને મોકલશો. અમે યોગ્ય સાક્ષીઓને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કરીશું.

અમે તમારા માટે પ્રાર્થના કરીએ છીએ. અમે દરેક રીતે વિશ્વના તમામ રાષ્ટ્રોમાં મહિમા સાથે સુવાર્તા ફેલાવવા માટે પૂરા દિલથી પ્રયત્ન કરીએ છીએ. કૃપા કરીને પ્રાર્થના કરવા માટે અમારી સાથે જોડાઓ . ઈશ્વર તમને આશીર્વાદિત કરો.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858, E.mail : samselvaraj333@gmail.com

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.

**CHIEF EDITOR**
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**
Bro. N. Prakasam, M.A., General Manager

**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Dr. A. Richard Samuel, M.A., Ph.D.
Rev. Dr. K.R. Rajasekaran

**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**CORE LEADERS**
Bro. K. Puratchivendan
Dr. Rabinder Boaz, M.S.
Bro. A. Edward Durai
Bro. A. Alvin
Bro. K. Abraham
Sis. Dhanalakshmi Chinnaiah

**E.mail ID**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His Call

Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ◘ BIBLECOR - Postal Courses (3 languages) ◘ Media Ministry ◘ Online Courses ◘ Theological Correspondence Courses (2 languages) ◘ Church Planting ◘ Nehemiah Bible Colleges ◘ Gospel Printing Press ◘ Great Commission Partners ◘ St. Paul's Matriculation School ◘ Crusades ◘ Community Development

(પાન ૧ પરથી આગળ...)

આમ, જ્યારે દરેક વસ્તુ હાલતી હતી, ધ્રુજતી હતી અને અશાંત હતી, ત્યારે બાઈબલ કહે છે કે, ઈશ્વર આ બધાના મધ્યમાં છે! જ્યારે આપણી આસપાસનું બધુ ખસે છે, ચાલે છે, ત્યારે આપણે હાલીશું નહિ. ઈશ્વર આ દરેક ચાલો, ધ્રુજારીઓ અને તોફાનોની મધ્યમાં છે. તેઓ આપણને પોહ ફાટતે, સહાય કરશે. કેમ કે ઈશ્વર ભલા છે! તેઓ અશક્યતાઓના ઈશ્વર છે.

જે દરેક બાબતોમાં તમે જેની સાથે સંઘર્ષ કરી રહ્યા છે, જેની સાથે લડાઈ કરી રહ્યા છો, બધી પ્રાર્થનાઓનો જવાબ મળતો બાકી છે, જે બાબતોએ તમને બંધનમાં રાખ્યા છે, જે સંજોગોએ તમને મર્યાદિત કર્યા છે, તે બધી બાબતો ઈસુના નામે તૂટી જશે, કારણ કે **તેઓ સૂર્યોદય થતા, પોહ ફાટતે આપણને સહાય કરશે.** (ગીતશાસ્ત્ર ૪૬:૫)

## I. પોહ ફાટતે કે સવારનું મહત્વ શું છે?

### ૧. સવારે કે પોટ ફાટતે એ નવા મોસમની શરૂઆત છે!

યહૂદી કેલેન્ડર પ્રમાણે, અંધારું ૯ થી ૧૦ કલાક સુધી હોય છે ત્યાર પછી પોહ ફાટતે કે સવાર થાય છે. તે મોટે ભાગે ૧૨ થી સવારના ૩ વાગેની વચમાં હોય છે, તે અંધકારને દૂર કરે છે અને અજવાળું થાય છે, એક નવો દિવસ, નવી મોસમ ઉઘડે છે. આપણે શા માટે તોફાનો, ધ્રુજારીઓ અને અશાંતિની મોસમોમાંથી પસાર થવું જોઈએ?

### ૨. પોહ ફાટતે એ સંક્રમણની મોસમ છે!

પોહ ફાટતે એ રાત અને દિવસની વચ્ચેનો સંક્રમણનો સમયગાળો છે. તે એક મોસમમાંથી બીજી મોસમમાં જાય છે, એક સમયગાળામાંથી બીજા સમયગાળામાં. સંક્રમણ પોતે જ **અનિશ્ચિતતાનો** સમયગાળો છે, જ્યા કોઈક આગળનું બીજુ પગલું લેવા માટે ચોક્કસ હોતું નથી. શું કોઈએ આ માર્ગે જવું જોઈએ કે બીજા માર્ગે? તે અશાંતિ અને મુંઝવણનો સમયગાળો હોય છે. કોઈપણ ચોક્કસ નિર્ણય લેવામાં સંઘર્ષ કરે છે. તે ભયના સમયગાળાને પ્રતિબિંબિત કરે છે - શું થાય છે તેનો ભય અને શું થવાનું છે, તેનો ભય. તમે જાણો છો, દુનિયા અને શેતાન ઈચ્છે છે કે તમે આ સંક્રમણનો સમયગાળો જુઓ, અશાંતિ, મુંઝવણ, સંઘર્ષ અને અનિશ્ચિતતાનો સમયગાળો. જો કે, ઈશ્વર ઈચ્છે છે કે આપણે આ સમયગાળાને પોહ ફાટતા તરીકે જોઈએ. અવરોધ તોડવો કે સફળતા મેળવવી, એ શબ્દ તરફ જુઓ. તે કંઈક શ્વાસ લેવા જેવું છે. ઈશ્વર આ મોસમને સફળતાની મોસમ તરીકે જોઈ રહ્યા છે, જેમાં તમે તોડશો અને તેમાંથી બહાર આવશો.

મંડળી તરીકે, કુટુંબ અને વ્યક્તિગત રીતે, જ્યારે આપણે બધા આગળના ઉપલા સ્તરે જઈએ છીએ, ત્યારે આપણે જાણીએ છીએ કે તે નવી વૃધ્ધિની મોસમ, પરીપકવતાની મોસમ છે, અવરોધ તોડવાની, સફળતા મેળવવાની મોસમ છે. અંધકારને તોડવો કે દૂર કરવો તે પોહ ફાટતે છે.

### ૩. પોહ ફાટતે તે આત્મિક યુધ્ધની મોસમ છે!

સફળતા મેળવવી કે અવરોધ દૂર કરવો સરળ નથી. તે તોડવું અને બહાર આવવું છે. તે યુધ્ધ છે, તે સંઘર્ષ છે! તમે અંધકારને તોડી રહ્યા છો. તે સહેલાઈથી થતું નથી અને પ્રકાશ લાવે છે. ઈશ્વર આપણને સફળતાના મોસમમાં બોલાવી રહ્યા છે. તેમણે આપણને આપણા બાળકો માટે, આપણા કુટુંબ માટે, આપણી મંડળી માટે, આપણા શહેર માટે, આપણા દેશ માટે, વિશ્વ માટે સફળતા મેળવવા માટે મૂક્યા છે.

આપણે જોશું કે જે અંધકારમય અને અશક્ય છે, તેનો અંત નથી, પણ આપણી સફળતાના માધ્યમ છે. એલિયા, શારિરીક,

## જુવાનો અને બાળકોની કાળજી માટે વૈશ્વિક દર્શન
## GLOBAL VISION FOR YOUTH & KID CARE

ઈશ્વરે અમને જુવાન પેઢીનાં કલ્યાણ માટે, અને દરેક દેશોની આ પેઢીના છોકરાઓ અને જુવાનો પ્રત્યે ખાસ ધ્યાન આપવા, તેમને માટે પ્રાર્થના કરવા, શિક્ષણ આપવા અને તેમને ઈશ્વરના રાજ્ય માટે તૈયાર કરવા માટે ખાસ બોજ આપ્યો છે.

અમે ઈશ્વરના લોકોની એક નાની ટીમ બનાવી છે, જેઓને આજ બોજ છે અને એક દિલ થઈને રોજ રાત્રે ૧૦.૦૦ વાગે પ્રાર્થના કરવાની શરૂઆત કરી છે. (તમારા દેશના સ્થાનિક સમય પ્રમાણે). અમારી સાથે જોડાવા માટે તમને આમંત્રણ છે. કૃપા કરીને તમારી ઈચ્છા જણાવશો. અમે તમને ઉત્તર આપીશું.



વધુમાં, જો તમે તમારા બાળકો અને પૌત્રો, પૌત્રીઓના આત્મિક કલ્યાણ માટે ચિંતિત છો, તો તમે તેમની **ઉંમર સાથે તેમના નામો મોકલી શકો છો,** (બાળકો અને જુવાનો) અને જો તેમની કોઈ જરૂરીયાતો હોય તો. જો તમે ૩૫ વર્ષથી નીચેના વયના હો તો, તમે તમારા નામ સીધેસીધા નોંધાવી શકો છો. કૃપા કરીને આને માટે કોઈ નાણા મોકલશો નહિ. ઈશ્વર તમને આશીર્વાદિત કરો.

અમારા સંપર્કની વિગતો :
**GLOBAL VISION FOR YOUTH & KID CARE**
**Echo of His Call**
Mobile & WhatsApp No : +91- 98412 71858 &
+91- 98410 71858
E.mail ID : sam@echoofhiscall.org

માનસિક અને આત્મિક રીતે અને ભાવનાત્મક રીતે થાકીને બેસી ગયો હતો. તેને માટે જીવવું અશક્ય થઈ પડ્યું હતું. તે તેના જીવનની એક અંધકારમય પળ હતી. બઆલના યાજકોની વિરુધ્ધની, ધાર્મિક જાગૃતિના સેવાકાર્ય પછી તરત જ, જે તેણે એકલે હાથે કર્યુ હતું, જે કંઈ એલિયાએ સાંભળ્યું હતું, તે હતું કે તેને મારી નાખવામાં આવશે. તે તેના જીવને લીધે ઘણો ગભરાઈ ગયો હતો, કે તે સરળતાથી વિચાર પણ કરી શક્તો નહોતો. તેણે કહ્યું, **"હવે તો બસ થયું; હવે તો, હે યહોવા, મારો જીવ લઈ લે; કેમ કે હું મારા પિતૃઓ કરતાં સારો નથી."** ૧ રાજાઓ ૧૯:૪.

તેને લાગ્યુ તે સઘળું સમાપ્ત થઈ ગયું હતું અને સર્વત્ર અંધકાર હતો, ત્યારે તેને થોડું પણ સમજાયું ન હતું કે તે સંક્રમણના સમયગાળામાં છે, વચમાં! તેણે અંધકાર જોયો, સવાર નહિ. ઈશ્વરે તેને અંધકારને દૂર કરવા મૂક્યો હતો. આ વર્ષે ઈશ્વર આપણામાંથી કેટલાકને સંક્રમણના સમયગાળામાં મૂકવા જઈ રહ્યા છે, જેથી આપણે તોડી શકીએ, અંધકારને તોડી શકીએ, દૂર કરી શકીએ અને પ્રકાશને લાવી શકીએ. મોટેથી પોકારો-આમીન!!

**"છીંડું પાડનાર તેઓની આગળ નીકળી ગયો છે..."** મીખાહ ૨:૧૩. આમીન. તેઓ આપણી આગળ ચાલશે અંધકારને દૂર કરવા માટે અને આપણને અજવાળામાં, પ્રકાશમાં દોરી લઈ જશે. **"...તેઓ ધસારાબંધ દરવાજા સુધી ચાલી જઈને તેમાં થઈને બહાર નીકળશે..."** મીખાહ ૨:૧૩.

જે કંઈએ તમને પકડી રાખ્યું છે, તમને અંધકારમાં રાખ્યા છે, તેમને તોડવા કર્યુ છે, તમને મર્યાદિત રાખ્યા છે, ઈશ્વર તમને તેમાંથી બહાર લાવી રહ્યા છે, ઈસુના નામમાં, "તમે તેમાંથી બહાર આવશો," કેમ કે તેઓ તમારી આગળ ચાલશે." **"ગૌરવવાન રાજા અંદર આવશે. ગૌરવવાન રાજા તે કોણ? યહોવા, જે બળવાન તથા પરાક્રમી છે,... તે જ, એટલે ગૌરવવાન રાજા અંદર આવશે."** (ગીતશાત્ર ૨૪:૭-૯) જેમ પ્રખ્યાત ગીત કહે છે.

*"હું જાણું છું મારી આગળ કોણ ગયું છે?",*

*હું જાણું છું કોણ પાછળ ગયું છે,*

*ઈશ્વરના દૂતોનું સૈન્ય મારી સાથે છે...,*

***મારી આગળ કંઈ પણ ટકી રહેશે નહિ..."***

હું ગભરાઈશ નહિ, કેમ કે મારા યહોવા પ્રભુ મારી સાથે છે.

જેમ આગળ કહ્યું હતું, તેમ, સફળતા અને અંધકારને તોડીને બહાર પ્રકાશમાં આવવું છે. આ વર્ષે ઈશ્વર આપણને અંધકારમાંથી સફળતા આપશે, અવરોધ દૂર કરશે જેથી કરીને આપણે પ્રકાશમાં વિજયવંત થઈને પ્રવેશી શકીએ.

## II. સફળતા શામાંથી ?

**અંધકાર – અંધકાર શું પ્રતીકાત્મક કરે છે?**

### અ) દુષ્ટ આધિપત્ય:

અંધકાર એ કંઈપણ છે જે શેતાનના જેવું, ક્રૂર છે, રાક્ષસી છે. તે શેતાનનું પ્રતીક છે, જે અંધકારનો રાજકુમાર કહેવાય છે. અંધકાર આધિપત્ય ધરાવે છે. ક્લોસ્સીઓને પત્ર ૧:૧૩ કહે છે, **"તેણે અંધકારના અધિકારમાંથી આપણને છોડાવ્યા તથા પોતાના પ્રિય પુત્રના રાજ્યમાં આણ્યા."** આધિપત્ય એ છે કે જે વર્ચસ્વ ધરાવે છે. આપણામાંથી ઘણાને લાગે છે કે આપણા જીવનમાં કોઈક છે જે છેલ્લો શબ્દ લખે છે અથવા છેલ્લુ બટન દબાવી દે છે અને આપણને તેમાં કંઈ કહેવાનું નથી. પોહ ફાટતે તે અંધકારના આધિપત્યને તોડવા માટે છે.

અંધકારનો અર્થ એ પણ છે કે, જે કંઈ પાપરૂપ છે તે; જે આધિપત્ય જમાવે છે, તે જુલમ કરે છે, જે આપણા પર કબજો જમાવે છે. કદાચ તમે એ આદત સાથે સંઘર્ષ કરી રહ્યા છો, જે તમને પકડી રાખે છ અને તેમાંથી બહાર આવવા માગો છો, પણ સંઘર્ષ કરો છો, શું તમે જાણો છો કે કહેવાતા પરીપક્વ ખ્રિસ્તી વ્યક્તિઓ પણ પાપના પકડમાં સંઘર્ષ કરે છે? ટેકનોલોજીની પ્રગતિ સાથે, દરેક વ્યક્તિની હથેળીઓમાં ઈન્ટરનેટ ઉપલબ્ધ રહે છે. શું ધારો છો? આનાથી પાપના ઘણા દરવાજા ખૂલ્યા છે જેની આપણે કલ્પના પણ કરી શકતા નતી. કોઈપણ ઉંમરને ધ્યાનમાં લીધા વિના, માધ્યમનું વ્યસન, ટિકટોક અને, યૂટ્યૂબ ટ્રેલર્સ પર સમય પસાર કરવો, અશ્લીલ સાહિત્ય જોવું. બાળકો પણ તેમના હાથમાં રહેલા ઉપકરણોને કારણે અશ્લીલતાના વ્યસની છે તે જોવું દુ:ખદાયક છે.

(આગળ પાન ૬ પર...)


# નહેમ્યાહ બાઈબલ

**નીવાસી અને સાંધ્ય કોલેજ**

**વેલાચેરી / ચેપોક તથા સંથોષપૂરમ, ચૈનાઈ**

ECHO OF HIS CALL 1986-2016 REACHING NATIONS

Regd. Candidate for Membership ATA NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ★ ECHO OF HIS CALL ★ Estd. 1989

माध्यम : हिंदी/तामिल

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA

આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો

દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

**ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ**

**ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ**

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!** **મહેરબાની કરીને સંપર્ક કરો**

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

★ ઓનલાઈન ક્લાસ ઉપલબ્ધ છે ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

## સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ મે ૨૦૨૩ થી ૧૮ જૂન ૨૦૨૩ સુધી

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

૧૯ મે : અમારા છાપખાના માટે અને તેમાં ૧૬ ભાષાઓમાં છપાતા સામયિકો, જે મિશન વિસ્તારોમાં મોકલવામાં આવે છે, તેના પરના આશીર્વાદ માટે.

૨૦ મે : અમારી મિનિસ્ટ્રીયલ મુસાફરીને આશીર્વાદિત કરવા માટે.

૨૧ મે : અમારા મુખ્ય ચર્ચના અને શાખા ચર્ચના સઘળા સભ્યો પરના આશીર્વાદ માટે.

૨૨ મે : આપણા પ્રભુ આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજને તથા તેમના કુટુંબને સર્વ દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખી રહ્યા છે, તે માટે.

૨૩ મે : અમારા **બાઈબલકોર** (બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ) અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ** પરના આશીર્વાદ માટે.

૨૪ મે : અમારા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**માં નવા આચાર્યની નિમણૂંકની ભેટ પૂરી પાડવા માટે.

૨૫ મે : અમારા મુખ્ય ચર્ચમાંની અને શાખા ચર્ચોમાંની રવિવારની ભજનસેવાઓ માટે.

૨૬ મે : અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ**ના નવા વિદ્યા વિભાગ સાથે અમને આશીર્વાદિત કરવા માટે.

૨૭ મે : અશાંતિ અને યુધ્ધના ભય વચ્ચે સર્વ દેશોમાં દૈવી સલામતી માટે.

૨૮ મે : અમારા કાર્યકરોના કુટુંબો પરના તેમના આશીર્વાદોના વર્ષાવ માટે.

૨૯ મે : રાજકીય અને ધાર્મિક વિરોધ વચ્ચે અમારી ખ્રિસ્તી મિનિસ્ટ્રીજને સમૃદ્ધ કરવા માટે.

30 મે : મિશન કાર્યકરો તરફથી મોટી પ્રતિબધ્ધતા માટે.

૩૧ મે : સમાજના તમામ ક્ષેત્રોમાં મહિલાઓને ઉપર ઉઠાવવા માટે.

૦૧ જૂન : અમારા નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજ**ને માટે નવા વિદ્યાર્થીઓ પૂરા પાડવા માટે.

૦૨ જૂન : અમારા સુવાર્તા છાપખાના માટે અને તેના કાર્યક્ષમ કર્મચારીઓ સાથે તેની સતતની કામગીરી માટે.

૦૩ જૂન : અમારા **પાંચ મિનિટના યૂટ્યૂબ સંદેશાઓ** માટે વધતા સબસ્ક્રાઈબો અને સાક્ષીઓ માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

૦૪ જૂન : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો અને તેમના કુટુંબો પરની તેમની દયાને માટે.

૦૫ જૂન : અમારા કર્મચારીઓ અને તેમના કુટુંબના સભ્યોના સારા સ્વાસ્થ્ય માટે.

૦૬ જૂન : સઘળા દેશોમાં દરેક બાબતોમાં અને યોજનાઓમાં એકતા અને વિકાસ થાય તે માટે.

૦૭ જૂન : સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ પર આશીર્વાદ અને સુરક્ષા માટે.

૦૮ જૂન : વણખેડાયેલા વિસ્તારોમાં અમને સુવાર્તા ફેલાવવા માટે સક્ષમ કરવા માટે.

૦૯ જૂન : પૃથ્વી પર તેમના રાજ્યને બાંધવા અમને વધુને વધુ દર્શન આપે તે માટે.

૧૦ જૂન : વાયરલ તાવ અને નવા ચેપી રોગો સામે રક્ષણ આપવા માટે.

૧૧ જૂન : દુનિયાભરના જુવાનો અને બાળકો ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે તે માટે.

૧૨ જૂન : અમારા વડીલ પાળક એસ સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોની સારી તંદુરસ્તી અને સલામતી માટે.

૧૩ જૂન : સર્વ શક્ય કાર્યો અને પગલાઓથી અમારી મિનિસ્ટ્રીજના વિસ્તરણ માટે.

૧૪ જૂન : શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં અમારા નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજ** માટે લાયક વિદ્યાર્થીઓના પ્રવેશ માટે.

૧૫ જૂન : દુનિયાભરના અધ્યક્ષો, વડાપ્રધાનો અને સર્વ સરકારી સત્તાઓ માટે.

૧૬ જૂન : શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે અમારી સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલમાં નવા વિદ્યાર્થીઓના પ્રવેશ માટે.

૧૭ જૂન : અમારા સમર્થકો, શુભેચ્છકો, અને મિત્રો કે જેઓ પ્રાર્થના અને નાણાકીય સહાય દ્વારા અમારી મિનિસ્ટ્રીજને ધરી રાખે છે.

૧૮ જૂન : અમારા સહસંપાદકો અને તેમના કુટુંબના સભ્યો માટે.

(પાન ૪ પરથી આગળ...)

અંધકારના રાજકુમારે આપણા સમય, આપણા વિચારો અને આપણી લાગણીઓ પર ખરાબ કામોથી કબજો કરી લીધો છે. તે ન જાણતા કે તે આપણી શાંતિ ભંગ કરે છે, આપણા કૌટુંબિક સંબંધો, ઈશ્વર સાથેના આપણા સંબંધોને ખરાબ કરે છે અને સર્વથી ઉપર, આપણા હૃદયો, મન અને આત્માને બગાડે છે. સૌથી મહત્વનું, તેનો પ્રભાવ આવનાર પેઢી પર થાય છે. આપણા સઘળા કામોનો પ્રભાવ બાળકો પર થાય છે.

ઈશ્વર આપણને આપણા જીવનો, આપણા કુટુંબો, આપણી મંડળીઓ, આપણી સેવાઓ અથવા ઈશ્વર સાથે ચાલવા પર વર્ચસ્વ ધરાવતા હોય, તેમાંથી છૂટવા, સફળતા મેળવવા માટે સક્ષમ કરો.

## બ) અજ્ઞાન :

એફેસીઓને પત્ર ૪:૧૮ કહે છે, **"તેઓની બુધ્ધિ અંધકારમય થયેલી હોવાથી, અને તેઓના હૃદયની કઠણતાથી પોતામાં જે અજ્ઞાન છે, તેણે કરીને તેઓ દેવના જીવનથી દૂર છે."**

અજ્ઞાન એ ઈશ્વરના રાજ્યમાં મનમાં અસ્પષ્ટ હોવાને કારણે એક ગેરલાભ છે. શેતાન ઈચ્છે છે કે આપણે અજ્ઞાન રહીએ. તે કપટી છે. શેતાન અજ્ઞાન પર આધાર રાખે છે. એમ ન કહો કે, હું જાણતો નથી. ૨ કરિંથીઓને પત્ર ૪:૪ કહે છે કે, **"તેઓમાં, શેતાન કે જે આ જગતનો દેવ છે, તેણે અવિશ્વાસીઓનાં મન આંધળા કર્યા છે. તેઓ મહિમાની સુવાર્તાના પ્રકાશને જોવામાં નિષ્ફળ ગયા છે. તેઓ આ ખ્રિસ્તના મહિમાના સંદેશાને સમજી શકતા નથી, જે ઈશ્વરની પ્રતિમા છે."**

**"મનને અંધ કરવું."** કેટલીક વાર આપણે બાઈબલ વાંચીએ છીએ પણ ખરેખર સમજતા નથી. કેટલાક જેઓ પોતાની જાતને "સારા ખ્રિસ્તીઓ" કહેવડાવે છે, તેઓ હજુ તે ઊંડો અનુભવ હોવા માટે સક્ષમ હોતા નથી. અંધકાર કેમ રહે છે? ઈશ્વરનું વચન વાંચો. તમારા અજ્ઞાનમાંથી બહાર આવવા, ડહાપણ માટે ઈશ્વરને વિનંતી કરો. **"જો કોઈ જ્ઞાનમાં અપૂર્ણ હોય, તો તે ઈશ્વરની પાસે માગો... તેઓ ઉદારતાથી આપે છે."** (યાકૂબનો પત્ર ૧:૫). ફરી ટેકનોલોજીએ આપણને આપણા હાથોમાં બાઈબલ આપ્યું છે, આપણી પાસે વિવિધ પ્રકારની આવૃતિઓ, જુદી જુદી ભાષાઓમાં અને અલગ અલગ બીબાંમાં બાઈબલ સર્વ સમયે ઉપલબ્ધ હોય છે. હું તે બાબતે ખુશ છું પણ તે જ સમયે,આપણે ઓનલાઈન બાઈબલ પર વધુને વધુ આધાર રાખતા થઈ ગયા છીએ. જો કે તે આપણા હાથોમાં ઉપલબ્ધ હોય છે, તો પણ તે આપણા હૃદયોમાં અને મનોમાં હોતું નથી.

અગાઉ, લોકો તેમના બાઈબલોમાં શોધીને બાઈબલના સંદર્ભો કહી શકતા હતા, પણ હવે તેઓ ગુગલને પૂછે છે. મારી ચિંતા છે કે એવો દિવસ આવશે, જ્યારે સર્વ ઓનલાઈન આવૃતિઓનું અસ્તિત્વ મટી જશે. આપણી સાથે શું થશે? એવું લાગે છે કે શેતાને આપણને ઈશ્વરના વચનનો માર્ગ એટલો મફતમાં આપી દીધો છે અને તેથી આપણે તેના પર વધુ આધાર રાખીએ છીએ, ત્યારે એવો દિવસ આવશે કે તેઓ ઓનલાઈન આવૃતિ પર બંદી લાવશે અને ત્યારે આપણી પાસે ઈશ્વરનું વચન નહિ હોય. બાઈબલ ખંતથી વાંચીએ, ઈશ્વરના વચનને કંઠસ્થ કરીએ અને રાતદિવસ તેના પર મનન કરીએ કે જેથી તે આપણા હૃદયોમાં લખાય જાય.

## III. સફળતા શાની ?

**પ્રકાશ – પ્રકાશ શું છે?**

### અ) પ્રકાશ સમજણ આપે છે.

બાબતોને એક પરિપ્રેક્ષ્યમાં લાવે છે. **"...ઈશ્વર પ્રકાશ છે, અને તેનામાં કંઈપણ અંધકાર નથી."** (૧ યોહાનનો પત્ર ૧:૫) જ્યારે ત્યાં પ્રકાશ હોય છે, ત્યારે ત્યાં ઉર્જા હોય છે. આપણે દૈવી પ્રકાશમાંથી આત્મિક ઉર્જા મેળવીએ છીએ. તે આપણા મનોને ચમકાવે છે, પ્રકાશિત કરે છે. તે આપણને સ્પષ્ટ જોવામાં સહાય કરે છે. તે આપણને મુક્ત કરે છે અને બાબતોને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં લાવે છે. **પ્રકાશ પ્રકટીકરણ આપે છે.** બાઈબલ ઈશ્વરનું સત્ય વચન છે; તે ઈશ્વરનો પ્રકાશ છે. **"...તારું અજવાળું તથા સત્ય મોકલ કે, તેઓ મને દોરે; તેઓ મને તારા પવિત્ર પર્વતમાં તથા તારા મંડપમાં લાવે."** (ગીતશાસ્ત્ર ૪૩:૩) જો ત્યાં પ્રકાશ નહિ હોય તો, ત્યાં સત્ય નથી; ત્યાં પોહ ફાટતે નથી, સવાર નથી. જો

(...પાન ૯ પર આગળ...)


**ST. PAUL'S MATRICULATION SCHOOL,**
**Medavakkam, Chennai - 100. (Christian Management)**

1. English Teachers for K.G., Primary, Middle & Secondary School
2. Hindi Teachers for Primary & Higher Classes
3. Physical Education Teacher
4. Security & House Keeping Staff

Free Accommodation available.

Also Office Staff (with Computer Knowledge) for our Head Office at Chepauk, Chennai – 5.

Apply to : **sam@echoofhiscall.org**
Phone No: **+91 97908 05460, 044-2852 8282**

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દૂ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. પાળકોના સલાહ પરામર્શ - રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૧૮. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. મધ્ય-અઠવાડિક બાઈબલ અભ્યાસ - બુધવારે સાંજે ૬.૩૦ વાગે
૨૦. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૨૧. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૨. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૩. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૪. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૫. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૬. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૭. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૮. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૯. Youth / Kid Prayer - 10.00 p.m. daily
૩૦. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૧. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
**Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,**
**Cell : 98410 71852, 95661 31858**
**E.mail : biblecor@yahoo.co.in**

# WANTED

1. Office Staff with Computer Knowledge
2. Security, House Keeping & Cooks

**Echo of His Call,**
Chepauk, Chennai - 05.
Telephone Numbers :
**044 -2852 8282, 2852 9293, 2854 7766, +91 97908 05460**

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| **Account Name** | : | **ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | : | **1023 2923 805** |
| **Bank Name** | : | **STATE BANK OF INDIA** |
| **Branch** | : | **TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | : | **SBIN 0000249** |
| **SWIFT Code** | : | **SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

## ઈશ્વરની કૃપા
## GRACE OF GOD!

"તે દરિદ્રીઓને ધૂળમાંથી ઉઠાડે છે. ભિખારીઓને સરદારોની સાથે બેસાડવાને અને તેમને ગૌરવના રાજ્યાસનનો વારસો પમાડવાને તે તેમને ઉકરડા પરથી ઊભા કરે છે." (I શમુએલ ૨:૮)

તે એક સુંદર સવાર હતી! તે રવિવારની સવારે મારા દાદા, દાદી, માતા, પિતા અને સઘળા બાળકો તૈયાર થઈ ગયા હતા અને આનંદ સાથે દક્ષિણ ભારતના નાના ગામડા નેલારાઈકોનામના દેવળ તરફ જઈ રહ્યા હતા. હું ૧૨ વર્ષની ઉંમરનો હતો અને સહુને જોઈ રહ્યો હતો. તેમાંના દરેક પાસે કેટલીક પ્રતિષ્ઠિત લાયકાત હતી, મને લાગ્યુ કે મારી પાસે મારામાં ખાસ કંઈ ન હતું. હું દેવળમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તની આરાધના કરી રહ્યો હતો. તે સમયે એક મોટો પ્રશ્ન મારા મનમાં આવ્યો હતો. પ્રભુ ઈસુ ખ્રિસ્તે તેમની સર્વ સ્વર્ગીય લાયકાતો છોડી દીધી હતી અને માનવજાતને આ મહાન નવું જીવન આપવા આ જગતમાં આવ્યા. મેં મારી જાતને પૂછ્યું, "તો પછી મારા પાળકની જેમ હું પણ કેમ ઈશ્વરનો સેવક બન્યો નથી?" પ્રભુ ઈસુ ખ્રિસ્તે મારી સાથે સ્પષ્ટપણે વાત કરી જ્યારે હું તે દિવસે દેવળમાં હતો.

તે દિવસે પાળકે શમુએલ પ્રબોધક વિશે બોધ આપ્યો હતો. ૧ શમુએલના ૩જા અધ્યાયમાંથી તેમણે સંદર્ભ લીધો હતો.

૧ શમુએલ ૩:૧-૪માં, આપણે વાંચીએ છીએ કે તે દિવસોમાં ઈશ્વરનું વચન દુર્લભ હતું, પ્રગટ સંદર્શન થતા ન હોતાં. તે આવા સમય દરમિયાન હતું કે શમુએલ એલીની હજૂરમાં રહીને મુલાકાતમંડપમાં સેવા કરતો હતો અને એક રાતે તે સૂવા ગયો. તે સમયે, ઈશ્વરે શમુએલને હાંક મારીને બોલાવ્યો. મારા પાળક આ પ્રસંગ વિશે બોલતા હતા અને સત્ય જાહેર કર્યુ હતું કે ઈશ્વરે તે બાળક શમુએલને ઈસ્રાએલના ન્યાયધીશ થવા તેમજ મહાન પ્રબોધક થવા ઊંચો કર્યો હતો.

આ વચનો મારા માટે ઘણા મહત્વના હતા અને તેઓ એ ધરી બની ગયા જેની સાથે મારું જીવન કામ કરી રહ્યુ હતું.

૧. હું મારી મંડળીને અને લોકોને પ્રેમ કરતો હતો. મેં દર શનિવારે દેવળમાં જવાની શરૂઆત કરી હતી અને તે જગ્યાની સાફસૂફાઈ કરતો હતો અને ખૂરસીઓ અને બાંકડાઓ પરની ધૂળ સાફ કરતો. હું દેવળના આંગણાની સફાઈ કરવામાં પણ રસ ધરાવતો હતો. સંગીત વાદ્યો, જેવા કે ઢોલક, ખંજરી અને હાર્મોનિયમ તેમની યોગ્ય જગ્યાઓમાં રાખતો હતો. પાછળથી, મેં એક પેટા-મિનિસ્ટ્રીયલ જૂથ બનાવ્યું હતું, જે "ગુડ ન્યૂઝ પ્રેયર બેન્ડ"ના નામે ઓળખાતું હતું, અને આમ અમારી મંડળીમાની દેખરેખના કામમાં અને સેવાકાર્યમાં સહાય કરવાની મેં શરૂઆત કરી હતી.

૨. હું મારા પાળકોને મારી શારિરીક મદદ પણ આપતો હતો. હું તેમના થેલાઓ ઊચકીને લઈ જતો હતો, અને તેમના બૂટો પણ સાફ કરતો હતો અને તેમને માટે મારા ઘરથી સવારનો નાસ્તો, બપોરનું જમણ અને રાત્રીભોજન લઈ જતો હતો, અને તેમની સેવા કરતો હતો. આમ, હું મારા પાળકોની અને એમ ઈશ્વરના બીજા સેવકોની સેવા કરતો હતો.

૩. હું મારી મંડળીના સભ્યોની સાથે પણ સારી રીતે વર્તતો હતો. હું તેમને માટે એક સારો ભાઈ હતો અને દરેક રીતે તેમને સહાયરૂપ થતો હતો.

જો કે મારામાં સારો સેવા કરવાનો સ્વભાવ હતો, પણ હું મારા બોલવા વિશે હોશિયાર ન હતો અને મારી યાદશક્તિ પણ ઓછી થઈ ગઈ હતી. હું વધુ ભણેલો ન હતો અને હું જાણતો હતો કે મારા મિત્રોની સરખામણીમાં મારામાં ખૂબ ઓછી પ્રતિભાઓ અને ભેટોં હતી.

મારી ઉંમરના મારા મિત્રો સારી જાણીતી કોલેજોમાં ભણવા ગયા હતા, ખાસ શિક્ષણ લેવા જતા હતા, ઘણી ભાષાઓ બોલતા શીખ્યા હતા અને કરાટે શીખીને તેમની પ્રતિભાઓ વિકસાવી હતી અને તેમના જ્ઞાનમાં વધારો કરવા અન્ય બીજી સંસ્થાઓમાં પણ જતા હતા. પણ ઈશ્વરે મને મંડળીમાં, દેવળમાં તેમજ ઈશ્વરના સેવકો મધ્યે સેવાઓ કરવાની ક્ષમતા પૂરી પાડી હતી.

પ્રભુ ઈશ્વરે જેમ શમુએલને ઉંચે ઉઠાવ્યો હતો તેમ મને પણ સૌથી નીચલા સ્તરથી ઊંચે ઉઠાવ્યો. લગભગ ૨૩ વર્ષ સુધી એક જવાબદાર અને વિશ્વાસુ સરકારી સેવક તરીકેના મારા કાર્યકાળ દરમિયાન ઈશ્વરની હાજરાહજૂર હાજરી હમેશાં મારી સાથે હતી. આ એ હકીકતમાં સ્પષ્ટ હતું કે સરકાર પ્રત્યેની મારી સેવાઓની કદર રૂપે મને મારી મિનિસ્ટ્રી પણ ચલાવવા માટે વિશેષ પરવાનગી આપવામાં આવી હતી.

ઈશ્વરે મને બન્ને પ્રકારના કાર્યમાં અસરકારક રીતે કામ કરવાની પરવાનગી અપાવી હતી અને હું તેને અજાયબીઓની અજાયબી માનું છું!

શમુએલ મંડળી પર પ્રેમ કરતો હતો અને ઈશ્વરના લોકની સેવા કરવી એ એક લાહવો માનતો હતો. તેથી, ઈશ્વરે તેને આત્મિકતામાં એક મહાન પ્રબોધક તરીકે અને ઈસ્રાએલ દેશના એક મહાન ન્યાયાધીશ તરીકે ઊંચે ઉઠાવ્યો હતો.

જો તમે તમારી મંડળીનો અને તમારા પાળકોનો આદર કરશો અને તેઓની સેવા કરશો, તો તમે નક્કી ઊંચે પદે પહોંચશો.

-x -x-x-x-

(પાન ૬ પરથી આગળ...)

આપણને પ્રકાશની જરૂર હોય તો આપણે પહાડ પર જવું જોઈએ (ઈશ્વરની હજૂરમાં) જ્યાં ઈશ્વર વાસ કરે છે નહિ તો આપણે તેજ જગ્યામાં રહીશું અને ઈશ્વરના પહાડ પર જવાનું અશક્ય થઈ પડશે.

## બ) પ્રકાશ પરાવર્તિત છે!

પોહ ફાટતે - એનો અર્થ છે ઈસુ ખ્રિસ્તમાં પરિવર્તન કે બદલાણ ઉપલબ્ધ છે. એક પ્રકાશના તેજ લીસોટાએ શાઉલને પાઉલમાં બદલી નાખ્યો હતો. ઈશ્વર માટે પ્રકાશ એ સુવાર્તા છે, જેમણે કહ્યુ હતું કે, **''કેમ કે જે દેવે અંધારામાંથી અજવાળાને પ્રકાશવાનું ફરમાવ્યું, તેણે આપણા હૃદયમાં પ્રકાશ પાડ્યો છે કે, જેથી તે ઈસુ ખ્રિસ્તના મોં પર દેવનો જે મહિમા છે તેના જ્ઞાનનો પ્રકાશ પાડે.''** (૨ કરિંથીઓને પત્ર ૪:૬). પ્રકાશ એ ઈશ્વરનો મહિમા છે, જ્યારે તે પ્રકાશે છે, ત્યારે તે પરાવર્તિત થાય છે. ''પર આપણે સર્વ ઉઘાડે મુખે જાણે કે આરસીમાં પ્રભુનો મહિમા નિહાળીને પ્રભુના આત્માથી અધિકાધિક મહિમા ધારણ કરતાં તે જ રૂપમાં રૂપાંતર પામીએ છીએ.'' (૨ કરિંથીઓને પત્ર ૩:૧૮). ઈશ્વરના વચનમાં મળેલી માહીતીથી કોઈપણ માણસનું રૂપાંતર કે બદલાણ થઈ શકે છે.

પ્રકાશ રૂપાંતરનો સ્રોત છે. સુવાર્તાનો પ્રચાર પ્રકાશ લાવે છે. આપણે દેવળમાં કેમ ઉપદેશ આપીએ છીએ? શા માટે આપણે તે સાંભળતા એક કલાક સુધી દેવળમાં બેસીએ છીએ? તે કોઈ માહિતી નથી. તે માથાનું જ્ઞાન નથી. તે આપણું રૂપાંતર કરે છે. પોહ ફાટતે ખ્રિસ્તની જેમ થાય છે. આવો આપણે રૂપાંતર પામીએ.

હું પ્રામાણિકપણે પ્રાર્થના કરું છું કે ઈશ્વર આવશે અને પોહ ફાટતે આપણને સહાય કરશે. આવો આપણી પાસે આપણી સવાર હોય. પોહ ફાટતે ત્યાં મોટું સામર્થ્ય હોય છે. ઈસુએ પોહ ફાટતે મૃત્યુના બંધનને તોડી નાખ્યું હતું. ઈસુ કબરની બહાર નીકળી આવ્યા હતા. ઈસુએ, પ્રકાશ, પોહ ફાટતે બહાર આવવાનું પસંદ કર્યુ હતું. આ સામર્થ્યવાન સત્ય છે.

આપણો નવો કરાર પોહ ફાટતે પર આધારિત છે. આપણી પુનરુત્થાનની વાત પોહ ફાટતે ઘડાઈ હતી. પોહ ફાટતે ઈશ્વરની દરેક ખાતરી હા અને આમીન છે. **''...અને જો ખ્રિસ્ત ઊઠ્યો નથી, તે અમારો ઉપદેશ વ્યર્થ છે, અને તમારો વિશ્વાસ પણ વ્યર્થ છે.''** (૧ કરિંથીઓને પત્ર ૧૫:૧૪). પોહ ફાટતેમાં સામર્થ્ય છે. આ પોહ ફાટતેનું વરસ છે.

અંતે, આવો આપણે યાકૂબ વિશેષ વિચાર કરીએ.

પ્રથમ, બાઈબલ કહે છે કે, યાકૂબે અરુણોદય લગી ઈશ્વરની સાથે મલ્લયુદ્ધ કર્યુ હતું અને ત્યારે જ તેને તેની સફળતા મળી હતી.

**''અને યાકૂબ એકલો રહી ગયો, અને અરુણોદય લગી એક પુરુષે તેની સાથે મલ્લયુદ્ધ કર્યુ. અને જ્યારે તેણે જોયું કે તે તેને જીત્યો નહિ, ત્યારે તે તેની જાંઘના સાંધાને અડક્યો; અને તેની સાથે મલ્લયુદ્ધ કરતાં કરતાં યાકૂબની જાંઘનો સાંધો મોચાઈ ગયો. અને તે બોલ્યો, અરુણોદય થાય છે, માટે મને જવા દે.''** (ઉત્પતિ ૩૨: ૨૪-૨૬)

ત્યાં ઈસ્રાએલની આખી પ્રજાનો જન્મ થયો હતો. પોહ ફાટતે, સૂર્યોદય ઘણો સામર્થ્યવાન છે. તમે જે કંઈ પ્રાર્થના કરો તે માટે જ્યાં સુધી પ્રાર્થનાનો જવાબ ન મળે, ત્યાં સુધી પ્રાર્થના કરતા રહો; થોભી જશો નહિ! પ્રાર્થના કરતા રહો અને યાકૂબની જેમ મલ્લયુદ્ધ કરતા રહો, અને તમને તમારી સફળતા સુર્યોદય થતા, પોહ ફાટતે મળશે.

બીજું, યાકૂબ ગભરાતો હતો કે તેનો ભાઈ તેના પર હુમલો કરશે અન તેથી તેણે એસાવ પાસે શાંતિની ભેટો મોકલી હતી, એમ વિચારીને કે તેથી તેનો ગુસ્સો ઠંડો થશે. પણ શું ઘડ્યું હતું કે ઈશ્વરે શાંતિ સ્થાપવામાં અને બન્ને ભાઈઓમાં કોઈપણ મુશ્કેલી વગર સમાધાન કરાવવામાં સહાયતા કરી હતી. જો કે યાકૂબ પર ઈશ્વરે તેની જાંઘ પર હુમલો કર્યો હતો, તે મલ્લયુદ્ધ પછી, તેની ચાલ બદલાઈ ગઈ હતી. આવો ઈશ્વરને આપણા જીવનોમાં કાર્ય કરવા દઈએ. જ્યારે તેઓ કાર્યો કરશે, ત્યારે આપણી ચાલ, આપણા માર્ગો બદલાઈ જશે. આપણે પહેલાના જેવા ક્યારેય નહિ હોઈશું. યાદ રાખો કે સફળતા પછી નવુ રાષ્ટ્ર સ્થાપન થયું હતુ અને તમારી સફળતા પછી, એક મોસમ નીકળી આવશે!

હું વિશ્વાસ કરું છું કે ત્યાં એક મોટી બાબત થવા જઈ રહી છે. એક મોટું બદલાણ. અંધકારના તત્વો સાથે અવરોધો, બંધનો. પોહ ફાટતે, કંઈક શરૂ થશે. એક નવો અધ્યાય, સફળતાની નવી મોસમ. વ્યક્તિગત રીતે, કુટુંબ તરીકે, મંડળી તરીકે, રાષ્ટ્ર તરીકે. કંઈક થવા જઈ રહ્યું છે.

પણ આપણે તે તોડવાની જરૂર છે. જ્યાં સુધી આપણે તોડીશું નહિ, ત્યાં સુધી આપણે અંદર પ્રવેશ કરી શકીશું નહિ.જે રીતે મરઘી ઈંડા પર બેસે છે અને તેને સેવે છે, યોગ્ય મોસમમાં, યોગ્ય તાપમાનમાં, ત્યારે ઈંડા ફૂટે છે અને તેમાંથી જીવન બહાર આવે છે. જ્યાં સુધી આપણે જન્મ આપી શકતા નથી. સૂર્યોદયે, પોહ ફાટતે, ત્યાં પ્રકાશ છે, પણ પ્રકાશને વીંધવાની જરૂર છે. એકવાર તે વીંધાશે, એક નવી સવાર, નવું દ્વારા, પ્રકાશની નવી મોસમ આવશે.

આવો ત્યાં આપણ સહુને માટે સફળતા થવા દો. કેમ કે ઈશ્વર પોહ ફાટતે આપણને સહાય કરશે. તમે હલશો નહિ. ઈશ્વર મધ્યમાં છે. તે આત્મવિશ્વાસ સાથે, આવો આપણે આગળ વધીએ.

**પ્રભુ તમ સર્વને આશીર્વાદિત કરો!**

************

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ
**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– **સંપાદક**

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**

**on 16th MAY 2023**

**If un-delivered please return to:**

**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**